# ભજન ૬

દુદાળો છે દાદો મારો, ગણપતિ ને --- {૨}
ઉમિયાજી કેરો બાળ રે ---- દાદો મારો ગણપતિ દુદાળો

હે----દુદાળાની માતા, પાર્વતીને --- {૨}
પિતા શંકર દેવ રે ---- દાદો મારો ગણપતિ દુદાળો

હે----દુદાળાને મુગટ, શોભતાને --- {૨}
કંઠે એકાવન હાર રે ---- દાદો મારો ગણપતિ દુદાળો

હે----દુદાળાને મોદિક, ભાવતાને --- {૨}
બાસઠ બીદલા પાન રે ---- દાદો મારો ગણપતિ દુદાળો

હે----દુદાળાને ભુષક સવારી, શોભતીને --- {૨}
ચાલે ઠમકતી ચાલ રે ---- દાદો મારો ગણપતિ દુદાળો

હે----દુદાળાને અલખની, પાર્થના રે --- {૨}
પુંજે છે મંડળના બાળ રે ---- દાદો મારો ગણપતિ દુદાળો

દુદાળો છે દાદો મારો, ગણપતિ ને --- {૨}
ઉમિયાજી કેરો બાળ રે ---- દાદો મારો ગણપતિ દુદાળો